અપીલ અરજી નં.૩૫૮ તા.૧૬/૧૮–૧–૧૦

અરજદારઃ–શ્રી અર્જુનસિંહ ફતેસિંહ સોલંકી

સામાવાળાઃ– ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી (ટાઉન પ્લાનીંગ)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી અર્જુનસિંહ ફતેસિંહ સોલંકીની તા.૧૮–૧૧–૦૯ ની અરજીથી ટી.પી.સ્કીમ નં.૪૧,ઠાકુર નગર, સર્વે નં.૨૨૬/૧ અને ૨૨૬/૨ માં આવેલ ઓપન પ્લોટ નં.૧૨ અને ૧૩, રીઝર્વેશન નં.૧૦૪ અને ૧૦૫ ઉઠાવેલાની જાહેરાત કરવા માટે તેમજ તેની જગ્યાએ માનવતાની દ્રષ્ટિએ જાહેર હિતમાં પ્રાથમિક સુવિધા આપવા બાબતે તેમની તા.૧૦–૧૦–૦૯ ની અરજી અંગે કરેલ કાર્યવાહીની માહિતી બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૧૬/૧૮–૧–૧૦ ની અપીલ અરજી નં.૩૫૮/૨૦૦૯–૧૦

શ્રી અર્જુનસિંહ ફતેસિંહ સોલંકીની તા.૧૮–૧૧–૦૯ ની અરજીથી ટી.પી.સ્કીમ નં.૪૧,ઠાકુર નગર, સર્વે નં.૨૨૬/૧ અને ૨૨૬/૨ માં આવેલ ઓપન પ્લોટ નં.૧૨ અને ૧૩, રીઝર્વેશન નં.૧૦૪ અને ૧૦૫ ઉઠાવેલાની જાહેરાત કરવા માટે તેમજ તેની જગ્યાએ માનવતાની દ્રષ્ટિએ જાહેર હિતમાં પ્રાથમિક સુવિધા આપવા બાબતે તેમની તા.૧૦–૧૦–૦૯ ની અરજી અંગે કરેલ કાર્યવાહીની માહિતી બાબતે ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી ટાઉન પ્લાનીંગના પત્ર નં.ટીપીડી/૩૪૨ તા.૧૮–૧૨–૦૯ થી આપેલ માહિતી ગેરમાર્ગે દોરનારી હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૬–૧–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૨૧૩ તા.૨૮–૧–૧૦ થી ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી (ટાઉન પ્લાનીંગ) તથા અરજદારને અપીલ અરજીમાં ગેરમાર્ગે દોરતા પ્રત્યુત્તર અંગે વડોદરા કચેરીનો નિર્દિષ્ટ પત્રની નકલ આધાર તરીકે રજૂ કરવા જણાવવામાં આવેલ. જે અરજદારે તા.૨–૨–૧૦ ના રોજ અત્રે રજૂ કરેલ છે. જયારે જાહેર માહિતી અધિકારી તરફથી અત્રેના વિભાગને કોઈ પૂરક વિગતો મળેલ નથી. પરંતુ અરજદારે અીલ સાથે જાહેર માહિતી અધિકારીએ પાઠવેલ માહિતી પ્રત્યુત્તરની નકલ બીડેલ છે.

અરજદારની તા.૧૮–૧૧–૦૯ ની અરજીથી ઉપરોકત વિષય બાબતે કરવામાં આવેલ અરજી બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી નં.ટીપીડી/આરટીઆઈ/૩૪૨ તા.૧૮–૧૨–૦૯ થી " મંજુર ડ્રાફટ ટીપી સ્કીમ નં.૪૧ (ડીંડોલી) રીઝર્વેશન નં.૧૦૪/૧૦૫ રદ કરવા બાબતની તા.૧૩–૯–૦૯ અને તા. ૧૦–૧૦–૦૯ ની અરજી અન્વયે કરવા જોગ કાર્યવાહી અર્થે હજુ સુધી કોઈ નિર્ણય લેવામાં આવેલ નથી. તેમજ ટીપી સ્કીમ નં.૪૧ (ડીંડોલી) માં સમાવિષ્ટ પ્રશ્નવાળી રીઝર્વેશનોને રદ કરવા કેમ? તેમજ કયારે રદ કરવામાં આવશે ? તેની માહિતી નિયમોનુસાર આપવાની રહેતી નથી. તેમજ મંજુર ડ્રાફટ ટીપી સ્કીમ અંતર્ગત રીઝર્વેશન હેઠળની જગ્યાઓમાં પ્રાથમિક સુવિધા આપી શકાતી નથી. " તેવી માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને આપવામાં આવેલ છે. અરજદારે તા.૧૬/૧૮–૧–૧૦ ના રોજ અપીલ અરજી કરવામાં આવેલ છે. જેમાં નગર આયોજન અને મૂલ્યાંકન ખાતુ દ.ગુ. પ્રાદેશિક કચેરી , વડોદરાના જાહેર માહિતી અધિકારી અને જુની. નગર નિયોજક ના પત્ર નં.મકમ/માઅઅ–૨૦૦૫/આઈ ડી કમાંક–૨/૦૯ /૪૧૩૬ તા.૫–૧૨–૦૯ ના પત્રથી સદર પ્રશ્નવાળી ટીપી અંગે કાર્યવાહીની માહિતી અરજદારને આપવામાં આવેલ છે. જેના મુદ્દા નં.૪ માં નગર રચના યોજના સુરત–૪૧ (ડીંડોલી) માં આવેલ રીઝર્વેશન નં.૧૦૪ અને ૧૦૫ માં પ્રાથમિક સુવિધા બાબતે સ્થાનિક સત્તા મંડળ એટલે કે સુરત મહાનગરપાલિકા ધ્વારા પૂરી પાડવામાં આવે છે તેવું જણાવેલ છે. જેથી અરજદારે અત્રેના જાહેર માહિતી અધિકારી તરફથી ટીપી સ્કીમ અંતર્ગત રીઝર્વેશન હેઠળની જગ્યાઓમાં પ્રાથમિક સુવિધા આપી શકાતી નથી તેવા પ્રશ્ન બાબતે અપીલ કરેલ છે. અરજદારે તેમની અપીલ સાથે રજૂ કરેલ તા.૧૦–૧૦–૦૯ ની અરજીમાં " પાછલા ૨૦ વર્ષમાં ગરીબ પ્લોટ હોલ્ડરોને નર્ક જેવી જીંદગી જીવવી પડી રહી છે." તેને અનુલક્ષી પ્રાથમિક સુવિધા બાબતે માહિતી માંગ્યાનો અને પૂરી પાડવાનો આગ્રહ કરેલ છે. પરંતુ અરજદારની સરકારી કચેરીના તા.૭–૮–૦૯ ના રોજ લખેલ તા.૮–૮–૦૯ની હિન્દીમાં લખેલી અરજી બાબતે આરટીઆઈ હેઠળ માંગેલી માહિતી સંદર્ભે છે જયારે અત્રે તા.૧૦–૧૦–૦૯ ના હિન્દીમાં લખેલી અરજી સંદર્ભે આપેલી આરટીઆઈ એકટ હેઠળની મહાનગરપાલિકાની નિતીનિયમ હેઠળ જણાવેલ છે. વધુમાં સદર કચેરી ધ્વારા સુવિધા પૂરી પાડવાની કાર્યવાહી માટે જવાબદાર જાહેર સત્તા મંડળના સંદર્ભે અરજદારને માહિતી પૂરી પાડેલ જણાય છે. તેમાં સુવિધા પૂરી પાડવા પાત્ર થાય જ તેવો ભારપૂર્વક ઉલ્લેખ નથી. કે જેને અરજદારે તેમના સમર્થનમાં હોવાનું જણાવી શકે. તેથી તેની માહિતીના આધારને સરખામણી તરીકે લેવો સુસંગત નથી. તે સિવાયની અન્ય બાબતે અરજદારે વિવાદ ઉત્પન્ન કરેલ ન હોઈ અપીલમાં નિકાલ કરવાનો પ્રશ્ન રહેતો નથી. આરટીઆઈ એકટની કલમ–૪(૧)(સી) તથા ૪(૧)(ડી) અનુક્રમે જાહેર જનતાને અસરકર્તા અગત્યની નીતિ ઘડતર સમયે કે જાહેર કરતી વેળા આનુષાંગિક સઘળી વિગતો જાહેર સત્તા મંડળ જાહેર કરશે તથા તેના વહીવટી કે અર્ધન્યાયિક નિર્ણયોના કારણો અસરકર્તાને પૂરી પાડશે તેવી જોગવાઈ ધ્યાને લેતાં કાયદાની કલમ–૨૫(૩)(જી) તથા ૨૫(૫) ની જોગવાઈ કાયદાના હાર્દ અને જોગવાઈને અનુસરવા પર ભાર મૂકે છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૮–૧૧–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી પૂરી પડાયેલ હોઈ અપીલ અરજી અંગે વિશેષ કંઈ કરવાનું રહેતું ન હોઈ અપીલ અરજી દફતરે કરવા પાત્ર થાય. પરંતુ કલમ–૨૫(૫) ની જોગવાઈ ધ્યાને લઈ અરજદાર ઈચ્છુક હોય તો જાહેર માહિતી અધિકારીનો દિન–૭ માં કચેરીના કામકાજ દરમ્યાન સંપર્ક કરી "સુવિધાઓ" અંગે આપેલ પ્રત્યુત્તરની જોગવાઈની નકલ કલમ–૭(૩) સાથે નિયમ–૫(બી) હેઠળ લાગુ ફી ભરપાઈ કરીને મેળવવા સ્વતંત્ર છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૨ –૧૦

ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧)ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી(ટાઉન પ્લાનીંગ) ..જાણ તથા અમલ માટે
(૨)અર્જુનસિંહ ફતેશસિંહ સોલંકી